GJAH230000412026

C.C. No.21/2026
Ex. No.

सत्यमेव जयते

(નમુનો:- અ)

ધોલેરાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી પી.એન. લાખાણી સાહેબની કોર્ટમાં, મુ. ધોલેરા, જી. અમદાવાદ(રૂરલ)		
ચુકાદાની તારીખ	:	૦૧/૦૪/૨૦૨૬
ફોજદારી કેસ નંબર	:	૨૧/૨૦૨૬
પોલીસ સ્ટેશન/ એફ.આઇ. આર.નંબર	:	૧૧૧૯૨૦૧૯૨૫૦૨૭૮/૨૦૨૫
ગુનો	:	બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૧૧૭, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબ

ફરીયાદી	:	સ્વરાજભાઇ સુરેશભાઇ આંબલીયા, રહે.દેવીપુજક વાસ, કામાતળાવ,તા. ધોલેરા, જી. અમદાવાદ.
ફરીયાદપક્ષ તરફે	:	વિ.એ.પી.પી.શ્રી ડી. બી. રાઠોડ
આરોપીઓ	:	૧) કાયાભાઇ વસંતભાઇ બારૈયા, ૨) દશરથભાઇ બાબુભાઇ બારૈયા, ૩) ચાંદાબેન બાબુભાઇ બારૈયા, તમામ રહે. કામાતળાવ, તા. ધોલેરા, જી. અમદાવાદ.
આરોપીના વિ.વ.શ્રી	:	આરોપીઓ તરફે વિ.વ.શ્રી નિતીન એમ. ખસીયા

(નમુનો:- બ)

ગુનાની તારીખ	:	૨૦/૧૦/૨૦૨૫
ફરીયાદની તારીખ	:	૨૨/૧૦/૨૦૨૫
ચાર્ઝશીટની તારીખ	:	૩૦/૦૧/૨૦૨૬
ચાર્ઝફ્રેમ/પ્લી તારીખ	:	૧૧/૦૨/૨૦૨૬
પુરાવો શરૂ થયાની તારીખ	:	૨૬/૦૨/૨૦૨૬

ચુકાદો માટે રાખવાની તારીખ	:	૧૧/૦૩/૨૦૨૬
ચુકાદાની તારીખ	:	૦૧/૦૪/૨૦૨૬
સજા કરી હોય તો સજા તારીખ	:	–

(નોંધ-હાલના કામે કાયદાના સંઘર્ષમાં માં આવેલ કીશોર સામે નું ચાર્ઝશીટ જુવેનાઇલ કોર્ટમાં કરવામાં આવેલ છે.)

:આરોપીની વિગત:

નં.	આરોપીનું નામ	અટક કર્યા તારીખ	જામીન પર છોડયા તારીખ	ગુનો	તકસીરવાન/ નિર્દોષ	સજા	Crpc: 428 માટે કસ્ટડીમાં રહેલ સમય
૧	કાયાભાઇ વસંતભાઇ બારૈયા	૨૭/૧૦/૨૦૨૫	૨૭/૧૦/૨૦૨૫	બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૧૧૭, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫	નિર્દોષ	-	-
૨	દશરથભાઇ બાબુભાઇ બારૈયા	૨૭/૧૦/૨૦૨૫	૨૭/૧૦/૨૦૨૫		નિર્દોષ	-	-
૩	ચાંદાબેન બાબુભાઇ બારૈયા	૨૭/૧૦/૨૦૨૫	૨૭/૧૦/૨૦૨૫		નિર્દોષ	-	-

(નમુનો :- ક)

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

અ.નં.	<u>મૌખિક પુરાવો</u>	આંક
૧.	ફરીયાદી સ્વરાજભાઇ સુરેશભાઇ આંબલીયાની જુબાની	૧૧
૨.	સાહેદ મધુબેધ કાનજીભાઇ આંબલીયાની જુબાની	૧૩
૩.	સાહેદ મુકેશભાઇ કાનજીભાઇ આંબલીયાની જુબાની	૧૪

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:

(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ

અ.નં.	<u>દસ્તાવેજી પુરાવો</u>	આંક
૧.	ફરીયાદ	૧૨
૨.	ગુનાવાળી જગ્યાનું પંચનામું	૧૫

૩.	અટક પંચનામું	૧૬
૪.	સારવાર સર્ટી	૧૭

-:: ચુ કા દો ::-

(૧) આરોપીઓ સામે બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૧૧૭, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદીએ દાખલ કરેલી છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તથા સાહેદ યુવરાજ બંને જણા ફરીયાદીના કૌટુંબીક દાદા વેલશીભાઇના ઘરની સામે તા. ૨૦/૧૦/૨૦૨૫ ના રોજ ફટાકડા ફોડતા હતા એ સમયે આરોપી નં-૩ ફરીયાદી તથા સાહેદ યુવરાજને ત્યાં આગળ ફટાકડા ફોડવાની ના પાડતાં ફરીયાદી સાથે બોલાચાલી કરી, ઝધડો કરતાં, ફરીયાદીને ગાળો આપેલ. જેથી, ફરીયાદી તથા સાહેદ યુવરાજ ત્યાંથી તેમના ઘરે જવા નીકળેલા એ સમય દરમ્યાન રસ્તામાં આરોપી નં-૩ ફરીયાદીના પગમાં ફોડી, ફરીયાદી સાથે વધુ ઝધડો કરી, ફરીયાદી સાથે જેમ ફાવે તેમ બોલવા લાગેલા અને તેનું ઉપરાણું લઇને આરોપી નં-૧ નાઓ આવી ફરીયાદી સાથે બોલાચાલી કરી ,ઝધડો કરવા લાગેલા અને જયારે ફરીયાદી તથા સાહેદ યુવરાજ તેઓના ઘર નજીક પહોંચેલા ત્યાં આગળ આરોપીઓએ ફરીયાદી સાથે ફટાકડા ફોડવા બાબતે થયેલ ઝધડાની દાઝ રાખી, ફરીયાદી સાથે જેમ ફાવે તેમ બોલવા લાગેલા અને આ કામના સાહેદ ફરીયાદીના દાદા કાનજીભાઇ તથા સાહેદ ફરીયાદીના દાદી મધુબેન નાઓ ઝધડામાં વચ્ચે પડતાં આરોપી ચાંદાબેન બાબુભાઇએ સાહેદ ફરીયાદીના દાદી મધુબેનને ધકકો મારી નીચે જમીન ઉપર પાડી દઇ આરોપી કાયાભાઇ વસંતભાઇ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સહદેવભાઇ રસીકભાઇનાઓ ફરીયાદી સાથે ઝપાઝપી કરી, ફરીયાદીને ગડદાપાટુનો મુંઢ માર મારેલ હોય અને આરોપી દશરથભાઇએ ફરીયાદીને લાકડીનો એક ધા ડાબા હાથે તથા બરડાના ભાગે લાકડીના આડેધડ ધા મારી તથા આરોપી દશરથભાઇ તથા આરોપી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સહદેવભાઇ જતા જતા ફરીયાદીને કહેતા હતા કે આજે તો તું બચી ગયો છું પણ હવે બીજી વાર મળીશ

તો તને જાનથી મારી નાંખીશું તેવી ધમકીઓ આપી, અધિક જીલ્લા મેજી. સા. ના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૧૧૭, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલો છે અને તે મતલબની ફરીયાદ ફરીયાદીએ ધોલેરા પોલીસ સ્ટેશનમાં આપેલી છે.

(૩) ફરિયાદીએ આપેલ ફરીયાદના આધારે આરોપીઓ સામે ચાર્ઝશીટ દાખલ થયા બાદ, આરોપીઓને સમન્સ કરતાં, આરોપીઓને સમન્સ બજી ગયેલ અને આરોપીઓ હાજર થતાં, આરોપીઓને પોલીસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ અને આરોપીઓ સામે આંક-૦૪ થી તહોમતનામું ધડવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓની આંક-૦૫ થી ૦૭ થી પ્લી લેવામાં આવેલ જેમાં તેઓએ તેમની સામેના ગુનાનો ઇનકાર કરેલો અને સબબ કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ. જેથી, સદરહું ફરીયાદીનું કામ, ફરીયાદ પક્ષના પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલ.

આ કામે રજુઆતો મુજબ પક્ષકારો વચ્ચે સારા માણસો પડવાથી ધરમેળે સમાધાન થયેલ હોય અને પક્ષકારો વચ્ચે સારા સબંધો હોય અને તેઓએ સમાધાન પરવાનગી અરજી આંક-૦૯ થી રજુ કરેલ હોય તેમજ આંક-૧૦ થી સમાધાન પુરશીશ રજુ કરેલ હોય,જે સમાધાન પુરશીશ પક્ષકારોને તેઓના વિ.વ.શ્રીની હાજરીમાં વાંચી સંભળાવતા સ્વેચ્છાએ કબુલ રાખેલ હોય ત્યારે હાલના કેસના સંજોગો અને પરિસ્થતી તથા કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લેતાં, હાલના આરોપીઓ સામે આક્ષેપાયેલા ગુના સબંધે તેઓએ આપેલ અરજી લગત બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨ મુજબના ગુનામાંથી બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૯(૮) મુજબ સદરહું આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે તથા બી.એન.એસ.ની કલમ-૩૫૧(૩) તથા જી.પી. એકટની કલમ-૧૩૫ પુરતો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) દરમ્યાન ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત "નમુના અ" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ અને ફરીયાદપક્ષે આંક-૧૮ થી કલોઝીંગ પુરશીશ રજુ કરી

પુરાવો પુર્ણ થયેલાનું જાહેર થયા બાદ આરોપીઓના બી.એન.એસ.એસ. ની કલમ-૨૭૮ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ તેઓને પુછવામાં આવેલ આક્ષેપોને નકારેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે પોતે નિર્દોષ છે, પોતે કોઇ ગુનો આચરેલ નથી, દયા કરવા અરજ કરેલી છે.

(૫) બચાવપક્ષ ધ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી.

(૬) સદર કામે ફરીયાદ પક્ષ તરફે તેમજ બચાવ પક્ષ તરફે વિગતવારની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૭) બંને પક્ષોની દલીલો, પ્લીડીંગ્સ, પુરાવા તથા તમામ રેકર્ડ ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

-:મુદાઓ:-

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તથા સાહેદ યુવરાજ બંને જણા ફરીયાદીના કૌટુંબીક દાદા વેલશીભાઇના ધરની સામે તા. ૨૦/૧૦/૨૦૨૫ ના રોજ ફટાકડા ફોડતા હતા એ સમયે આરોપી નં-૩ ફરીયાદી તથા સાહેદ યુવરાજને ત્યાં આગળ ફટાકડા ફોડવાની ના પાડતાં ફરીયાદી સાથે બોલાચાલી કરી, ઝધડો કરતાં, ફરીયાદીને ગાળો આપેલ. જેથી, ફરીયાદી તથા સાહેદ યુવરાજ ત્યાંથી તેમના ધરે જવા નીકળેલા એ સમય દરમ્યાન રસ્તામાં આરોપી નં-૩ ફરીયાદીના પગમાં ફોડી, ફરીયાદી સાથે વધુ ઝધડો કરી, ફરીયાદી સાથે જેમ ફાવે તેમ બોલવા લાગેલા અને તેનું ઉપરાણું લઇને આરોપી નં-૧ નાઓ આવી ફરીયાદી સાથે બોલાચાલી કરી ,ઝધડો કરવા લાગેલા અને જયારે ફરીયાદી તથા સાહેદ યુવરાજ તેઓના ધર નજીક પહોંચેલા ત્યાં આગળ આરોપીઓએ ફરીયાદી સાથે ફટાકડા ફોડવા બાબતે થયેલ ઝધડાની દાઝ રાખી, ફરીયાદી સાથે જેમ ફાવે તેમ બોલવા લાગેલા અને આ કામના સાહેદ ફરીયાદીના દાદા કાનજીભાઇ તથા સાહેદ ફરીયાદીના દાદી મધુબેન નાઓ ઝધડામાં વચ્ચે પડતાં આરોપી ચાંદાબેન બાબુભાઇએ સાહેદ ફરીયાદીના દાદી મધુબેનને ધકકો મારી નીચે જમીન ઉપર પાડી દઇ આરોપી કાયાભાઇ વસંતભાઇ તથા કાયદાના સંધર્ષમાં આવેલ કિશોર સહદેવભાઇ રસીકભાઇનાઓ ફરીયાદી સાથે ઝપાઝપી કરી, ફરીયાદીને

ગડદાપાટુનો મુંઢ માર મારેલ હોય અને આરોપી દશરથભાઇએ ફરીયાદીને લાકડીનો એક ધા ડાબા હાથે તથા બરડાના ભાગે લાકડીના આડેધડ ધા મારી તથા આરોપી દશરથભાઇ તથા આરોપી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સહદેવભાઇ જતા જતા ફરીયાદીને કહેતા હતા કે આજે તો તું બચી ગયો છું પણ હવે બીજી વાર મળીશ તો તને જાનથી મારી નાંખીશું તેવી ધમકીઓ આપી, અધિક જીલ્લા મેજી. સા. ના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૧૧૭, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલો છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૯) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

<u>- :: કારણો :: -</u>

<u>મુદા નં- ૧ અને ૨:-</u>

આ કામે ઉપરોકત મુદદાની અને આ કેસની ગુણદોષની ઉપર ચર્ચા કરતા પહેલા કાનુની સિધ્ધાંતને ધ્યાનમાં લેતાં ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીમાં પુરાવાનો બોજ હંમેશા ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષ પોતે વ્યાજબી પ્રકારની શંકાથી પર રહીને (BEYOND A REASONABLE DOUBT) પોતાની હકીકત પુરવાર કરવાની હોય છે. જયારે આરોપીએ પોતે પોતાનો બચાવ નિ:શંકપણે પુરવાર કરવાની કોઇ જરૂરીયાત રહેતી નથી પરંતુ ફરીયાદપક્ષના કેસ ઉપર વ્યાજબી પ્રકારની શંકા ઉત્પન્ન કરવાની હોય છે. પુરાવાનો બોજ અપવાદરૂપ કીસ્સા સિવાય કયારેય ફરીયાદપક્ષ ઉપરથી આરોપી તરફ ઢળતો નથી અને શંકાનો લાભ હંમેશા આરોપીને મળે છે પરંતુ એવું માની શકાય નહિં કે ફરીયાદપક્ષે પોતાનો કેસ તમામ પ્રકારની શંકાઓથી પર રહીને સાબિત કરવો પડે. ફરીયાદપક્ષે પોતાનોકેસ વ્યાજબી પ્રકારની શંકા(REASONABLE DOUBT) થી પર સાબિત કરવાનો રહે છે અને બચાવપક્ષ ધ્વારા એવો બચાવ લેવામાં આવે કે જે

ફરીયાદપક્ષના કેસ સાથે સુસંગત નથી અથવા કેસના સંજોગોમાં તેવો બચાવ શકય જ નથી ત્યારે તેવા બચાવના આધારે ફરીયાદપક્ષના કેસને કાઢી શકાય નહી.

(૧૦) ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને હાથ પરનો કેસ જોવામાં આવે તો, સદરહું ફરીયાદી તથા સાહેદોની જુબાની તે રેકર્ડ પર હોય અને આથી, પુનરાવર્તન ટાળવાના હેતુથી દરેક સાહેદોની જુબાની અલગ અલગ ચર્ચા કરવાને બદલે અહીં એકી સાથે ચર્ચા કરવામાં આવેલ છે. હાલના કામે આંક-૧૧ થી તપાસેલા ફરીયાદી સ્વરાજભાઇ સુરેશભાઇ આંબલીયા, આંક-૧૩ થી તપાસેલા સાહેદ મધુબેન કાનજીભાઇ આંબલીયા તેમજ આંક-૧૪ થી તપાસેલા સાહેદ મહેશભાઇ કાનજીભાઇ આંબલીયાનાઓ તેઓના પુરાવામા સમાંતર હકીકતો જણાવે છે. સદરહું ફરીયાદી તથા સાહેદો બનાવ ચારેક મહીના પહેલા રાત્રીના નવેક વાગ્યે બનેલાની હકીકત જણાવે છે. બનાવ વખતે આ કામના આરોપી દશરથભાઇ સાથે ફટાકડા ફોડવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલાની હકીકત ફરીયાદી તથા સાહેદો જણાવે છે. તે વખતે બીજા ઘણા બધા માણસો ભેગા થઇ જવાથી ધકકા મુકકીમાં પડી જવાથી સાહેદ મધુબેન પડી ગયેલા હોય તેમજ ફરીયાદી પણ પડી ગયેલા હોય અને પડી જવાથી તેઓને ડાબા હાથે તથા બરડાના ભાગે ઇજા થયેલાની હકીકત ફરીયાદી તથા સાહેદો જણાવે છે. આ સ્વિાય બીજું કાંઇ બનેલ ન હોવાનું તેઓ જણાવે છે. બનાવ બાદ રેફરલ હોસ્પિટલ ધોલેરા ખાતે અને વધુ સારવાર માટે સોલ હોસ્પીટલ લઇ ગયેલાની હકીકત તેઓ જણાવે છે. ઉશ્કેરાટમાં આવીને ફરીયાદીએ ફરીયાદ આપેલી છે અને આ કામના આરોપીઓએ ફરીયાદીને કે સાહેદ મધુબેનને માર મારેલ હોય કે કોઇ હથિયાર ધારણ કરીને માર મારેલ હોય તેવું બનેલ ન હોવાનું ફરીયાદી તથા સાહેદો જણાવે છે. સદરહું ફરીયાદી તથા સાહેદોને વિ.એ.પી.પી.શ્રી તરફથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેમાથી કોઇ ફળદાયી હકીકત તેઓ જણાવતા નથી. બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ સદરહું ફરીયાદી તેમજ સાહેદો આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલાની હકીકત જણાવે છે. બીજું કાંઇ બનેલ ન હોય અને આ કામના આરોપીઓએ તેઓને માર મારેલ ન હોય કે ગાળો બોલેલ ન

હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ ન હોય તેવી હકીકત તેઓ કબુલ રાખે છે. આ કામના આરોપીઓએ કોઇ હથિયાર કારણ કરેલ ન હોવાનું તેમજ ડોકટરને ઇજા બાબતે કોઇ હીસ્ટ્રી પણ લખાવેલ ન હોવાનું કબુલ રાખેલ હોય ત્યારે ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લેતાં ફરીયાદ હકીકતને સમર્થન મળે તેવી એક પણ હકીકત રેકર્ડ પર જણાઇ આવતી નથી.

(૧૧) આથી ઉપરોકત રજુ થયેલ ફરીયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર આ કામના આરોપીઓએ ઉપરોકત જણાવેલ ગુનો કરેલ છે તે રેકર્ડ ઉપરથી ફલીત થતુ ના હોય તેમજ આ કામે ખુદ ફરીયાદીએ તથા સાહેદો પોતાના પુરાવાથી આવા દસ્તાવેજોની હકીકતોને સમર્થન કરેલ નથી. હાલના કામે જે ફરીયાદ, પંચનામા તથા મેડીકલ સર્ટી જે રજુ છે તેની હકીકતને ફરીયાદીની તથા સાહેદોની જુબાનીથી સમર્થન મળતું નથી અને આથી ફરીયાદની હકીકત તથા અન્ય દસ્તાવેજી પુરાવાની હકીકત બિનપુરવાર રહેવા પામે છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષ દવારા મુકવામાં આવેલ તહોમત પૈકીની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે. જેથી, સદર ગુનો આરોપીઓ ધ્વારા આચરવામાં આવેલ છે તેવું રેકર્ડ ઉપર શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. એટલે કે, સદર ગુના સાથે આરોપીઓને સાંકળતો કોઈ સીધો પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજૂ નથી કે ક્રમબધ્ધ પુરાવાની એવી અતૂટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીઓ ધ્વારા જ સદર ગુનો થયેલ હોય તેવુ એક માત્ર અનુમાન થઈ શકે. જેથી, તેનો કાયદેસર શંકાનો લાભ આરોપીઓને મળવા પાત્ર થાય છે, આથી ઉપરોકત રજુ થયેલ ફરીયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર આ કામના આરોપીઓએ ગુનો આચરેલ હોવાનું રેકર્ડ ઉપરથી નિ:શંકપણે ફલીત થતુ ના હોય, આરોપીઓને તેમની સામેના આક્ષેપીત ગુન્હામાં તકસીરવાન ઠરાવી ફોજદારી જવાબદારી નક્કી કરી શકાય નહી. આમ, ફરિયાદપક્ષ હાલના આરોપીઓ સામે આક્ષેપીત ગુન્હાનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, જેથી મુદ્દા નંબર : ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નંબર : ૨ અંગે નીચે મુજબ આખરી હુકમ

કરવામાં આવે છે.

::હુકમ::

(૧) આ કામના આરોપીઓને બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૧૧૭, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના દરેક આરોપીએ બી. એન. એસ. એસ. ની કલમ-૪૮૧ મુજબ અપીલ સમયના જામીન તરીકે રૂ.૫,૦૦૦/- ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો અપીલ સમય વીત્યેથી ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઇ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તા. ૧ લી, માહે એપ્રીલ સને. ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
LAKHANI PIYUSHKUMAR N
at Principal Civil Court, Dholera
on 01/04/2026 17:47:47 IST.

Date: 01/04/2026 **(Mr. Piyush Navinbhai Lakhani)**

Place: Dholera

Principal Civil Judge and
Judicial Magistrate First Class
Dholera, Dist. Ahmedabad(Rural)
Judge Code GJ01565

Visit ecourts.gov.in for updates or download mobile app “eCourts Services” from Android or iOS